હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ચિંતા ન કરો, કાલે ફરાળમાં શક્કરીયા ખાધા હતાં એ ફસાઇ ગયા છે...

સરગાસણમાં મોબાઈલ ટાવરના બાંધકામને લઈ રહીશોમાં ભારે રોષ

રહેણાંક અને શૈક્ષણિક વિસ્તારમાં ટાવર મુદ્દે નાગરીકોની ઉચ્ચકક્ષાએ રજુઆત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર ન્યું સરગાસણ રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઉભા થતા મોબાઈલ ટાવરનું બાંધકામ અટકાવવા માટે છેલ્લા કેટલાક દિવસોથી ત્રણ સોસાયટીના રહીશોએ લડતના ઉગ્ર મંડાણ કર્યા છે. મોબાઈલના ટાવરના રેડીએશનની આડઅસર સ્થાનિક નાગરીકોના બાળકો, મહિલાઓ અને વૃધ્ધો પર પડી શકે છે. ત્યારે સરગાસણ રેડીયન રેસીડેન્સીની બાજુમાં ઉભા કરવામાં આવતા મોબાઈલ ટાવરનું બાંધકામ અટકાવવા માટે ત્રણ થી વધુ સોસાસટીના રહીશોએ શહેરના મેયર, સ્ટે.કમિટી ચેરમેન, મનપાના કમિશનર સહિત ઉચ્ચ કક્ષાએ ફરીયાદ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં ટીપી-૭ પ્લોટ નં.૧૮૦-૨ ફાયનલ પ્લોટ નં.૪૩ માં રહેણાંક અને શૈક્ષણિક વિસ્તાર છે. ત્યારે આ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે મોબાઈલ ટાવર ઉભો કરવામાં આવતો હોવાની હિલચાલ ચાલી રહી છે. જેથી મોબાઈલ ટાવરને લઈ આસપાસની ત્રણ થી વધુ સોસાયટીના રહીશો તેમજ શૈક્ષણિક સંકુલના સંચાલકોમાં પણ રોષ ભભુકી ઉઠ્યો છે. મોબાઈલ ટાવર ઉભો કરવા માટે સ્થાનિક નાગરીકોની કોઈ પણ જાતની સંમતિ લેવામાં આવી નથી. ત્યારે મોબાઈલના રેડીએશનની ગંભીર આડઅસરો સ્થાનિક નાગરીકોના બાળકો, મહિલા અને વડીલો પર પડી શકે છે. મોબાઈલ ટાવરનુ કામ ચાલી રહ્યું છે તે જગ્યા પર સલામતી અંગે કોઈ સુચક બોર્ડ કે ચેતવણી દર્શાવતુ બોર્ડ મુકવામાં આવ્યું નથી. જયારે કંઈ કંપની દ્વારા મોબાઈલ ટાવરનું કામ ચાલી રહ્યું છે તે પણ કોઈ જગ્યા પર લખવામાં આવ્યું નથી. જયારે મોબાઈલ ટાવરની આસપાસ ત્રણ થી ચાર શૈક્ષણિક સંકુલ આવેલા છે.જેમાં હજજારો વિદ્યાર્થી ભાઈ બહેનો અભ્યાસ કરે છે. ત્યારે મોબાઈલ ટાવરના રેડીએશનની ગંભીર આડઅસરને પગલે સ્થાનિક નાગરીકોના આરોગ્ય સામે અનેક સમસ્યાઓ સર્જાઈ શકે છે. સરગાસણના રહેણાંક વિસ્તારમાં મોબાઈલ ટાવરના ચાલી રહેલા બાંધકામને પગલે રેડીયન રેસીડેન્સી હાઉસીંગ સોસાયટી, પ્રમુખ હારમની, વૃંદાવન રેસીડેન્સી, આવાસ એપલના રહીશો અને શૈક્ષણિક સંસ્થાઓના વિરોધનો વંટોળ ઉભો થયો છે. ત્યારે મનપાના મેયર, સ્ટે.કમિટી ચેરમેન, મનપાના કમિશનરને રહીશોના હિતમાં નિર્ણય લઈ આ બાંધકામ અટકાવવા માટે નાગરીકો દ્વારા રજુઆત કરાઈ છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં શિવરાત્રિના મેળાઓમાં લોકોની ભીડ ઉમટી પડી હતી.
- ગાંધીનગર સે. ૨૨માં પંચદેવ મંદિર બહાર પોતાના પાથરણાને લઈ રાત્રિના સમયે ઉગ્ર બોલાચાલીની ઘટના જોવા મળી હતી.
- ગાંધીનગર શહેરમાં આંતરિક માર્ગો અને જાહેર માર્ગોની સફાઈને લઈ ફરી એકવાર પ્રશ્નાર્થ ઉભા થયા છે.
- ગાંધીનગરના વિવિધ શિવાલયોમાં રાત્રિના ચારેય પ્રહરની પૂજામાં ભક્તો જોડાયા હતા.
- ગાંધીનગર શહેરમાં વસતા પશુપાલકોએ ત્રણ મહિનામાં પોતાના પશુઓનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
- સે. ૨૮ સ્થિત સરકારી પોલીટેકનીક કોલેજમાં પુલવામાં શહીદ દિવસને લઈ શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો.
- સે. ૩ માં અંબાજી મંદિર પાસે રામકથાનું આયોજન કરવામાં આવ્યુ છે.
- સરસ્વતી શિશુ મંદિર સે. ૧૭ ખાતે બાળકોને સેલ્ફ ડિફેન્સની તાલિમનું આયોજન કરાયુ હતુ.
- સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા ગ્રાહક જાગૃત્તિ અભિયાનના વિવિધ પાસાઓ અંગે સેમિનાર યોજાયો હતો.
- મહાત્મા મંદિર ખાતે ૧૯ થી ૨૩ ફેબ્રુઆરી દરમ્યાન ૩૦મી આઈ.પી.એ. કોંગ્રેસ અને ૬૦મી પેડીકોન યોજાશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- હિટવેવને લઈ તંત્ર દ્વારા ખાસ માસ્ટર પ્લાન તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.
- શહેર-જિલ્લામાં બેવડી ઋતુને લઈ વાઈરલ બિમારીના કેસોની સંખ્યામાં વધારો થયો.
- કૃષિક્ષેત્રમાં મજૂરીના દર વધતાં રવિ સીઝનની વાવણી ધીમી ગતિએ ચાલી રહી છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો વધી છે.
- ગાંધીનગર શહેરની હદ વધ્યા બાદ સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં પણ ટોરેન્ટનો પાવર સપ્લાય આપવાની માંગ ધીમા સ્વરે સંભળાઈ રહી છે.

શિવરાત્રીએ મુક બધિર શાળાના બાળકો સાથે લીટલ મહાદેવ શ્લોકે જન્મ દિવસ ઉજવ્યો

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગરના જાણીતા ગાયનેક ડૉ. નીતાબહેન શેખાત અને જાણીતા સ્કીન સ્પેશિયાલિસ્ટ ડૉ. કાંતિલાલ શેખાતના પૌત્ર અને ડૉ. પાર્થ શેખાત અને ડૉ. આયુષી શેખાતના પુત્ર શ્લોકનો તિથિ પ્રમાણે જન્મ દિવસ મહાશિવરાત્રી એ આવે છે. માત્ર બે વર્ષના શ્લોકનો જન્મ દિવસ આ ડૉક્ટર પરિવારે ગાંધીનગરની સમર્પણ મુક બધિર શાળાના બાળકો વચ્ચે જઈને ઉજવ્યો હતો.

શિવરાત્રીએ લીટલ મહાદેવ શ્લોકે પોતાના હાથે આ બાળકોને નાસ્તાના પેકેટ આપ્યા હતા. સમર્પણ દ્વારા નજીકના સમયમાં મુક બધિર ૧૨ યુગલો પ્રભુતામાં પગલાં પાડવા જઈ રહ્યાં છે ત્યારે દરેક કન્યાને ડૉ. નીતાબહેન શેખાત દ્વારા સાડી આપવામાં આવશે. બાળકો વચ્ચે લીટલ મહાદેવના જન્મ દિવસની ઉજવણીમાં ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત અને સમર્પણના અધ્યક્ષ વૈભવ જાની હાજર રહ્યા હતા અને આ સરસ મજાના ઉપક્રમમાં સહભાગી બન્યા હતા.

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના શિહોલી ગામે મહાશિવરાત્રી પર્વ નિમિત્તે શિવ પાર્વતી વિવાહ ભવ્ય મહોત્સવ ધાર્મિક ઉમંગભેર ભવ્ય શોભાયાત્રા સાથે ધામધૂમથી ઉજવવામાં આવ્યો જેમાં ભાવિક ભક્તોજનોએ વિશેષ કન્યાદાન ભેટ સોગાદો આપી દર્શન કરી પૂજા અર્ચના ધન્યતા અનુભવી હતી સરપંચશ્રી પરબતજી ઠાકોરે પાર્વતી જીને કન્યાદાન કરી સમગ્ર ગામમાં ભક્તિ નો મહોલથી શિવમય અને ઓમ નમો શિવાયના નાદથી ગૂંજી ઉઠ્યું

સરગાસણ શરણમ રેસીડેન્સી પાસે વિજપોલની ડીપીમાં આગ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર સરગાસણ વિસ્તારમાં આવેલી શરણમ રેસીડેન્સી પાસે વિજપોલની ડીપીમાં સાંજના સમયે અચાનક આગ ભભુકી ઉઠી હતી. જેથી સ્થાનિક નાગરીકો આગની જવાળાઓ જઈ ડરી ગયા હતા.જયારે સ્થાનિક નાગરીકોએ ફાયર એસ્ટીંગ ગ્યુઝરનો ઉપયોગ કરી આગ પર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ફાયર વિભાગને કોલ કરતા સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી સ્ટાફ સાથે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે આગમાં કોઈ જાનહાની કે માલહાની થવા પામી ન હતી. જયારે આગ શોર્ટ-સર્કિટને પગલે લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. જયારે ડીપીમાં આગના બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં થોડીવાર માટે અંધારપટ છવાઈ ગયો હતો.

અંબોડ ગામેથી દારૂની ૧૩ પેટી એલસીબી પોલીસે ઝડપી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અંબોડ ગ્રામ પંચાયત પાસે કોતરોમાં એલસીબી પોલીસે દરોડો પાડી વિદેશી દારૂની ૨૭૬ બોટલ કિં. રૂ.૫૨,૪૫૨ નો જથ્થો ઝડપી પાડ્યો છે. જયારે પોલીસને થાપ આપી બુટલેગર નાસી ગયો છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબીની ટીમ માણસા વિસતારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે અંબોડ ગામમાં ગ્રામ પંચાયત પાસે બુટલેગર મહેન્દ્રસિંહ ઉર્ફે મુન્નો ભૈરવસિંહ ચાવડા તેના ઘરની સામે આવેલા કોતરોમાં વિદેશી દારૂ સંતાડી વેચાણ કરી રહ્યો છે. જેથી પોલીસ બાતમીવાળી જગ્યાએ પહોંચી હતી.ત્યાં જ ગ્રામ પંચાયતના વળાંક પાસે બુટલેગર મહેન્દ્રસિંહ બાઈક લઈને ઉભો રહ્યો હતો. પરંતુ એલસીબીની ટીમને જોઈ જતા બાઈક લઈ કાચા રસ્તામાં દોડાવી મુક્યું હતું. પોલીસે ગાડી લઈ તેનો પીછો કર્યો હતો પરંતુ ગાડી આગળ વધુ નહી જઈ શકતા તે ભાગી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે બુટલેગર જે જગ્યામાં ઉભો હતો તે સ્થળની આસપાસના વિસ્તારમાં પોલીસે તપાસ હાથ ધરી હતી.તે સમયે એક પિલ્લરની બાજુમાં સંતાડી રાખેલી ૧૩ પેટી વિદેશી દારૂની મળી આવી હતી. પોલીસે પેટીઓ ખોલીને જોતા તેમાંથી દારૂ-બિયરની કુલ નંગ-૨૭૬ બોટલ મળી આવી હતી.પોલીસે બુટલેગર સામે ગુનો નોંધી રૂ.૫૨ હજારથી વધુનો દારૂ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

પેથાપુર નવકાર સિલેકશન દુકાન પાસેથી સાડીના પાર્સલની ચોરી

જયપુરથી ૫૯ સાડીનું પાર્સલ આવ્યું હતું, સીસીટીવી કેમેરામાં ચોર રીક્ષામાં પાર્સલ લઈ જતો કેદ થયો છે

ગાંધીનગર, તા.૧૮

પેથાપુર કિર્તીરાજ કોમ્પ્લેક્ષમાં નવકાર સિલેકશન દુકાન આગળ પડી રહેલુ સાડીનું પાર્સલની ચોરી થવા પામી છે. દુકાન પાસેથી બપોરના પોણા ચાર વાગ્યાના અરસામાં એક શખ્સ રીક્ષામાં પાર્સલ ચોરી કરીને જતો સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. ત્યારે વેપારીએ રૂ.૬૮ હજારથી વધુના પાર્સલ ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ તેજ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુળ રાજસ્થાનના ભીલવાડાના વતની અને હાલ પેથાપુર સોમનાથ સોસાયટી ખાતે રહેતા વિશાલ રોશનલાલ સંચેતી પરિવાર સાથે રહે છે.જયારે વિશાલ છેલ્લા ૧૫ વર્ષથી કિર્તીરાજ કોમ્પ્લેક્ષમાં નવકાર સિલેકશન નામથી સાડીઓની દુકાન ચલાવે છે. જયારે સુરત તેમજ જયપુર થી વેપારી હોલસેલ સાડીઓ મંગાવે છે. ત્યારે ગત તા.૧૬ ના રોજ આશરે બપોરના એક વાગે જયપુરથી મંગાવેલ ૫૯ સાડીનું પાર્સલ ચામુંડા ટ્રાન્સપોર્ટના પિકઅપ ડાલામાં દુકાને આવી ગયું હતું. પાર્સલ દુકાનની આગળના ભાગે પડ્યું હતું. જેની કિં.૬૮,૨૫૦ હતી. જયારે સાંજના સાત વાગે દુકાનમાં નોકરી કરતા કર્મચારીને જયપુરથી આવેલુ પાર્સલ ખોલવા માટે જણાવ્યું હતું.જેથી કર્મચારીએ બહાર જઈને જોયુ તો પાર્સલ ન હતું. જેથી વેપારીને જાણ કરતા તેઓ પણ દુકાનની બહાર દોડી આવ્યા હતા. પરંતુ પાર્સલ જોવા મળ્યુ ન હતું. જેથી આસપાસની દુકાનના સીસીટીવી કેમેરા ચેક કરતા દુકાનની સામે આવેલી સંદિપ વાસણ ભંડારના સીસીટીવી ફુટેજમાં બપોરના ૩.૩૯ ના સમયમાં મોંઢા પર રૂમાલ બાંધી એક શખ્સ સાડીઓનું પાર્સલ ચોરી કરી જતો જોવા મળે છે. જેને પગલે વેપારીએ સાડીના પાર્સલ ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

મહાશિવરાત્રી અને ભાંગ એ પરસ્પર જોડાયેલા રહ્યા છે. પુરાણકાળથી આજદિન સુધી ભાંગ બાવા ફકીર અને શોખિનોનું અમૃતપાન ગણાય છે. ત્યારે ગાંધીનગરમાં શિવરાત્રી નિમિત્તે જિલ્લા પંચાયત ખાતે ભાંગના સ્ટોલ લાગ્યા હતા.

સ્માર્ટ કિડ્ઝ નર્સરી સ્કૂલ દ્વારા વાર્ષિકોત્સવ-૨૦૨૩નું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

સ્માર્ટ કિડ્ઝ નર્સરી સ્કૂલ દ્વારા વાર્ષિકોત્સવ-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વાલીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

બ્રહ્માકુમારીઝ વિદ્યાલય સેક્ટર-૩ના સેવા કેન્દ્ર દ્વારા શિવ જયંતિની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૧૮

મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેક્ટર-૩ ના સેવા કેન્દ્ર બી.કે. ભાઈ-બહેનોએ સેવા કેન્દ્રના સંચાલિકા બી.કે. સુનિતાદીદીના માર્ગદર્શન હેઠળ ૮૭મી શિવજયંતિની ભવ્ય ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર દક્ષિણ વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ મુખ્ય મહેમાન અને હીરા જડીત સોમનાથ મહાદેવની ઝાંખીના મુખ્ય ઉદ્ઘાટક તરીકે હાજર રહ્યા હતા. ધારાસભ્યએ પોતાના ઉદ્બોધનમાં આત્મના કલ્યાણ વિશે જાહેર જીવનમાં સુચારૂ જીવન જીવવા, પર્યાવરણની જાળવણી વિગેરે બાબતો ઉપર ભાર મુક્યો હતો. તથા સેવાકેન્દ્રના સંચાલિકા સુનિતાદીદીએ તેમના વક્તવ્યમાં જણાવ્યું કે પરમાત્મા પરમધામ નિવાસી પ્રજાપિતા બ્રહ્માના સાકાર માધ્યમ દ્વારા પુનઃ ગીતાજ્ઞાન સંભળાવી રાજયોગના અભ્યાસ દ્વારા પતિત સૃષ્ટીને પાવન બનાવવાનું મનુષ્યમાંથી દેવતા બનાવવાનું કર્તવ્ય કરી રહ્યા છે.

આ કાર્યક્રમમાં અતિથીવિશેષ તરીકે પુર્વ કોર્પોરેટર શંકરભાઈ ચૌધરી, નાગરીક બેંકના ચેરમેન વિક્રમભાઈ પટેલ, શાશ્વત હોસ્પિટલના ડૉ. સુરેન્દ્રભાઈ દ્વિવેદી, ડૉ. વિપુલભાઈ ઠક્કર, રામેશ્વર મંદિરના પ્રમુખ એ.ડી. પટેલ, અરૂણભાઈ ચૌધરી, ગોવિંદભાઈ વણઝારા તથા સેક્ટરના નામાંકિત વ્યક્તિઓ હાજર રહ્યા હતા.

મહાશિવરાત્રી પર્વ નિમિત્તે બ્રહ્માકુમારી દ્વારા બરફના શિવલીંગની સુંદર સજાવટ સેક્ટર-૫/૪ માં કરવામાં આવી હતી. જેના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો આવ્યા હતા.

પેથાપુર સરકારી શાળામાં સામાન્ય બાબતે વિદ્યાર્થીને ટીચરે માર માર્યો

વિદ્યાર્થીને ઈજા પહોંચતા તેની માતાએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧૮

સરકાર ભાર વિનાના ભણતરની વાત કરે છે.

ત્યારે શહેરની નજીક આવેલા પેથાપુર ગામની કુમારશાળા નં-૨ ખાતે ધોરણ-૮ ના વિદ્યાર્થીને સામાન્ય બાબતે ટીચરે માર મારતા ઈજા પહોંચી હોવાથી વિદ્યાર્થીના માતાએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર કુમાર શાળા ધોરણ-૮ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી છેલ્લા બે દિવસથી શાળામાં આવ્યો ન હતો. જેથી અંગ્રેજીના ટીચર દ્વારા જે શિક્ષણકાર્ય ચલાવવામાં આવ્યું હતું, તે તેની નોટબુકમાં ન હતું. જેથી ટીચરે પુછપરછ કરતા વિદ્યાર્થીએ બિમાર હોવાથી આવ્યો ન હતો તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ ટીચર દ્વારા વર્ગમાં બ્લેકબોર્ડ પર અંગ્રેજી વિષયનો અભ્યાસ ચાલી રહ્યો હતો. જે શિક્ષણકાર્ય વિદ્યાર્થી પાસે પેન તુટી જતા તે લખી શક્યો ન હતો.

જેથી ટીચરનો પારો અચાનક છટકતા તે ધોરણ-૮ ના વિદ્યાર્થીને લાકડી વડે બરડામાં તેમજ હાથે-પગે સાંથળના ભાગે માર માર્યો હતો. ત્યારે વિદ્યાર્થીને હાથના ભાગે ઈજા પહોંચી હતી.

જેથી વિદ્યાર્થી રડતા ટીચરે માર માર્યાની વાત તારા ઘરનાકોઈને કરી તો હું તને સ્કુલમાંથી કઢાવી નાંખીશ તેવી ધમકી પણ આવી હતી. ત્યારે શાળાએથી છુટીને ઘરે ગયેલા યુવકના હાથે ઈજા પહોંચતા ઘરે સમગ્ર વાતની જાણ કરી હતી. ત્યારબાદ યુવકને સારવાર માટે સિવિલ લઈ જવાયો હતો. જયારે પેથાપુર ગામમાં રહેતા વિદ્યાર્થીના માતાએ ટીચર સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

અરવિંદ કેન્દ્ર ખાતે શ્રી માતાજીના જન્મ દિવસની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ મંગળવાર શ્રી માતાજીના ૧૪૫મા જન્મ દિવસ નિમિત્તે અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે સવારે ૧૦ થી ૧૧ દરમ્યાન ધ્યાન, પ્રાર્થના, વાંચન તેમજ સાંજે ૫ થી ૬.૩૦ દરમ્યાન 'મા' પુસ્તકનું વાંચન રાખવામાં આવેલ છે. આથી સર્વેને પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.

ટચૂકડી જાહેર ખબર

નામ બદલેલ છે

મારું જુનું નામ અજયકુમાર ઠાકોરલાલ ગાંધી હતું, જે બદલીને નવું નામ અજય ગાંધી રાખેલ છે.
સરનામું : ૨૭૫/૧, સેક્ટર-૭/એ, ગાંધીનગર

નામ બદલેલ છે

મારું જુનું નામ રાજશ્રી અજયકુમાર ગાંધી હતું, જે બદલીને રાજશ્રી અજય ગાંધી રાખેલ છે.
સરનામું : ૨૭૫/૧, સેક્ટર-૭/એ, ગાંધીનગર